# સિટી ઓફ બ્રૅમ્પટન સામુદાયિક સુખાકારી જળવાઇ રહે તે માટે નોઇસ (ઘોંઘાટ) બાય લૉમાં સુધારો લાવ્યા છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (04 ઑક્ટોબર 2023) - બ્રૅમ્પટન એક સ્વસ્થ અને સલામત સમુદાય બની રહે તે સુનિશ્ચિત કરવાની પોતાની પ્રતિબદ્ધતા સાર્થક કરવા પબ્લિક ન્યુસન્સ બાય-લૉ 136-2018માં સુધારો કરવામાં આવ્યો છે જેમાં વધુ પડતા ઘોંઘાટ, એમિસન્સ પ્રતિબંધિત કરવામાં આવ્યા છે અને એમિસન કંટ્રોલ સિસ્ટમના સુધારા અને તપાસણીમાં સુધારા લાવવામાં અવ્યા છે

પબ્લિક ન્યુસન્સ બાય-લૉ 136-2018માંકરેલ સુધારામાં આનો સમાવેશ થાય છે:

- મફલર્સ અથવા અન્ય ઉપકરણો, જે મોટા, વિસ્ફોતક જેવા અથવા ગેરવાજબી ઘોંઘાટ કરતા હોય તે ઈન્સ્ટોલ કરવાની મંજૂરી નથી જેમાં સામેલ છે સુધારો કરેલ મફલરેસ અથવા એગ્ઝૉસ્ટ સિસ્ટમો.

- પાવર ડિવાઈસ જેમ કે લૉનમોવર્સ, ગ્રાસ ટ્રિમર્સ, ડ્રિલ્સ, સેન્ડર્સ, ગ્રાઇન્ડર્સ અથવા તે પ્રકારના ઉપકરણોનો રહેઠાણના વિસ્તારમાં રાતે 9 વાગ્યાથી સવારે 7 વાગ્યા વચ્ચે ઉપયોગ કરવાની મંજૂરી નથી સિવાય કે શનિવાર, રવિવાર અને જાહેર રજાઓ જ્યારે સવાર્નો સમય 9 વાગ્યા સુધીનો રહેશે.

- રહેઠાણના વિસ્તારમાં કોઈપણ મોટર વેહિકલ, મોટરબોટ, આઉટબોર્ડ મોટર અથવા મનોરંજન માટેના વાહનની રહેઠાણના વિસ્તારમાં રાત્રે 9 થી સવારે 7 વાગ્યા વચ્ચે સમારકામ, પુનઃબાંધણી, સુધારા અથવા તપાસણી જાહેરમાં કરવાની મંજૂરી નથી સિવાય કે શનિવારે અને રવિવારે અને જાહેર રજાના દિવસે સવારનો સમય 9 વાગ્યા સુધીનો રહેશે.

સિટી ઓફ બ્રૅમ્પટન એન્ફોર્સમેન્ટ એન્ડ બાય લૉ સર્વિસિસ સ્ટાફ આ બાય લૉને અમલી બનાવશે કે જ્યારે પીલ પ્રાદેશિક પોલિસ અને ઓન્ટારિયો પ્રોવિશ્યલ પોલિસની જાહેર માર્ગો પર (પ્રાદેશિક અથવા શહેરી) હાઈવે ટ્રાફિક ઍક્ટ હેઠળ જાહેર માર્ગો પર ચાલતા, થોભાવવામાં આવેલા અથવા આઇડ્લિંગ કરતા વાહનોની તપાસ કરવાની જવાબદારી ચાલુ રહેશે.

રહેવાસીઓ, મુલાકાતીઓ અને વ્યાપારોને પ્રોત્સાહિત કરવામાં આવે છે કે તેઓ સુધારેલ બાય-લૉની સમીક્ષા કરે અને સર્વિસ બ્રૅમ્પટનનો સંપર્ક 311 અને 905.874.2000 (બ્રૅમ્પટન બહારથી) પર કોલ કરવા, બ્રૅમ્પટન 311 એપનો ઉપયોગ કરવા (એપ સ્ટોર અથવા ગુગલ પ્લે પર ઉપલબ્ધ), સંપર્ક કરવો અથવા www.311brampton.caની મુલાકાત લેવી અથવા 311@brampton.ca પર કોઈપણ પૂછપરછ માટે ઈમેલ કરવો.

**લિંક:**

સુધારેલ કાનૂનની સમીક્ષા કરવા કૃપા કરીને અહીં મુલાકાત લો: પબ્લિક ન્યુસન્સ બાય-લૉ 136-2018 (સંપૂર્ણ સંસ્કરણ) (brampton.ca).

પ્રોજેક્ટ નોઈસમેકર માટે વધુ જાણકારી પ્રાપ્ત કરવા, કૃપા કરી અહીં મુલાકાત કરો: પીલ રિજનલ પોલીસ (peelpolice.ca).

-30

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સિટી ઓફ્ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca